જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૮/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૯૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૮૫ લીટર દેશી દારૂ, ૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩૨૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૯૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૯૨/૨૦૨૫**

વાડજઃ કૌશલ્યાબહેન વા/ઓ કિશોરભાઈ મકવાણા (હાલ રહે.ગામ–ઠેબા કાલાવાડ રોડ, વાયા–ધ્રુવાવ, તા.–જી–જામનગર) એ તા.૨૩/૦૮/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૫ થી તા.૨૩/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન નવા વાડજ સ્વાગત એપાર્ટમેન્ટ સામે પુરપિડીતનગર ખાતે પોતાના મકાનના પાછળનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના મળી કુલ કિમત રૂપિયા ૧,૦૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.વી.ગોહીલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૯૩/૨૦૨૫**

ચાંદખેડાઃ ચાંદખેડા નીગમનગર ઘર વિહોણા લોકો માટેનો આશ્રમ (સેલ્ટર હોમ) ખાતે રહેતા રમેશજી સ/ઓ કાંતિજી ઠાકોર (ઉ.વ.૪૭) (મુળ વતન.ગામ–જેગોદરવાસ છનીયાર તા–દેત્રોજ જી–અમદાવાદ ગ્રામ્ય) નાઓની કીડનીઓ ફેઈલ થઈ ગયેલ હોય તા.૧૮/૦૮/૨૦૨૫ ના રોજ તબીયત બગડતા સારવાર માટે તેમને ચાંદખેડા એસ.એમ.એસ.હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જયાં અગમ્ય કારણસર તા.૨૩/૦૮/૨૦૨૫ કલાક ૧૨/૧૦ વાગ્યા પહેલા એસ.એમ.એસ હોસ્પીટલના ઈમરજંસી વોર્ડમાં બાથરૂમની અંદર કુટ કાપવાના ચપ્પુ વડે પોતાની જાતે પોતાના હાથના બાવડાના ભાગે બે–ત્રણ ઘા મારતા શરીરમાંથી લોહી વહી જવાના કારણે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આનંદકુમાર પરસોતમભાઈ ચલાવે છે.

ઈસનપુરઃ દિલીપ સ/ઓ સુધમ પ્રધાન (ઉ.વ.૨૭) (રહે. શક્તિનગર સોસાયટી રતન હોસ્પિટલ પાસે ગોવિંદવાડી ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૮/૨૦૨૫ કલાક ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરની બહાર બાથરુમના છજા સાથે વાયર બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી